# <u>પ્રેસ નોટ</u>

## <u>એન્કર ગ્રુપની કંપનીના બેંક ઓફ ઇન્ડીયા મુંબઇ મલાડ શાખા માંથી રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) રોકડા બોગસ સહી કરી બેંક માંથી ઉપાડી છેતરપીડી ઠગાઇ નો ગુન્હો કરેલ જે આરોપીઓને ઝડપી પાડતી</u>

## <u>અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓએ જેલમાંથી પેરોલ/ફર્લો/વચગાળા જામીન પરથી છુટી ફરાર થયેલ કેદીઓને તથા નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચના કરેલ હોય. જેઓની સુચના મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના માર્ગદર્શન મુજબ અ.હેડ.કોન્સ. અરુણભાઇ ભગવાનદાસ બ.નં.૮૦૨૬ તથા અ.હેડ.કોન્સ હિમતસિંહ ભુરાભાઇ બ.નં.૪૪૭૪ તથા અ.હે.કો જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં.૯૧૧૧ તથા અ.પો.કોન્સ. દીલીપસિંહ વિજયસિંહ બ.નં.૮૬૬૨ પો.કો પ્રવિણસિંહ અમરસિંહ નાઓ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. દરમ્યાન સાથેના હેડ.કોન્સ. જીતેન્દ્રસિહ જ્ઞાનસિહ તથા હેડ.કોન્સ. અરુણભાઇ ભગવાનદાસ નાઓને મળેલ સયુંકત બાતમી હકીક્ત આધારે અમદાવાદ, નરોડા, સૈજપુર બોઘા ટાવર જાહેર રોડ પરથી મુંબઇ મલાડ પોલીસ સ્ટેશન ખાતે ઇપીકો કલમ ૪૦૩, ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૩૪ મુજબના ગુન્હાના નાસતા ફરતા આરોપી (૧) અભય ઉર્ફે મુન્નો સ/ઓ અશોકભાઇ કદંબ ઉ.વ.૨૮ રહે. ગામ. સાવંતવાડી, અંબોલી જકાતવાડી, યુનીયન હાઇસ્કુલ પાસે, અનંત વિસાવા હોટલ તા. સાવતંવાડી જી. સીન્દુદુર્ગા મહારાષ્ટ્ર મુળ ગામ. કંકાવલી સાવંતવાડી પાસે મહારાષ્ટ્ર તથા (૨) આદીત્ય ઉર્ફે હથોડો ગણેશ સોનવણે ઉ.વ.૨૪ રહે. અબુબકર શકીના બાઇ ચાલ, બગીચા કામગાર મેડીકલ પાછળ, શીવ ધારાવી, હોલી મેદાન શાસ્ત્રીનગર, ધારાવી મુંબઇ, મહારાષ્ટ્ર નાઓને પકડી પાડેલ જેઓની પુછપરછ કરતાં જાણવા મળેલ કે,

બેંક ઓફ ઇન્ડીયા મલાડ શાખા મુંબઇ ખાતે આ કામના આરોપીઓએ એન્કર ગ્રુપની કંપનીના બેન્ક ખાતા માંથી ચેકમાં બનાવટી સહીઓ કરી તેમજ ખોટા દસ્તાવેજો બેન્કમાં રજુ કરી કંપનીના ખાતામાંથી <u>(૧,૦૦,૦૦,૦૦૦/-)</u> રોકડા એક કરોડ રૂપીયા ઉપાડી નાસતા ફરતાં હતાં